# પત્રક ભાગ-૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

**શનિવાર, ૧૭ જાન્યુઆરી,૨૦૨૬.**

## ૩૫૪.અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક:

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ મળી હતી.

ઉક્ત બેઠકમાં સમિતિએ પાણી પુરવઠા પ્રભાગ હસ્તકની આદિજાતિ જિલ્લાઓમાં પાણી પુરવઠા પ્રભાગની યોજનાઓના સંબંધે સમિતિની તા.૨૮/૧૦/૨૦૨૫ની બેઠકમાં અધૂરી રહેલ તપાસ હાથ ધરી હતી. જેમાં સમિતિએ આદિવાસી વિસ્તારની અંદર આવેલી હાઈસ્કૂલો, આશ્રમશાળાઓ, છાત્રાલયો, એકલવ્ય મોડેલ સ્કૂલો વગેરે સંસ્થાઓનો સર્વે કરીને જ્યાં જ્યાં પાણીની જરૂરિયાત હોય ત્યાં "નલ સે જલ" હેઠળ પાણી આપવા માટે વિભાગને ભલામણ કરી હતી. વધુમાં, સમિતિએ ઉત્તર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓની સ્થળ મુલાકાત દરમિયાન કરેલ સૂચન પરત્વે ઝડપથી કાર્યવાહી થાય તે માટે ભલામણ કરી હતી. જેમાં સમિતિએ પાણી પુરવઠા વિભાગ હસ્તકની તમામ જુથ પાણી પુરવઠા યોજનાઓમાં પાણીનું ટેસ્ટીંગ ઓનલાઈન મોડથી થાય જેનું મોનીટરીંગ ગાંધીનગરથી કરી શકાય તે પ્રમાણેની લેબોરેટરી સુવિધા ઉપલબ્ધ કરવા વિભાગને ભલામણ કરી હતી. આ ઉપરાંત, સમિતિએ કોઈપણ કચેરીએ બનાવેલા હેન્ડપંપનું સમારકામ પાણી પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવે તે પ્રકારે વ્યવસ્થા ગોઠવવા સૂચન કરેલ છે. ઉપરાંત, સમિતિએ પાણી વેરો માફ કરવાની કે દર ઘટાડવા અંગે શક્યતાઓ તપાસવા વિભાગને ભલામણ કરી હતી. સમિતિએ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીની સરાહના કરી હતી તેમજ સમિતિ દ્વારા કરવામાં આવેલ સૂચનો પરત્વે હકારાત્મક કામગીરી કરે તેવી લાગણી વ્યક્ત કરી પાણી પુરવઠા વિભાગની તપાસ પૂર્ણ કરી હતી.

સમિતિનું કામકાજ બપોરના ૦૩:૩૪ કલાકે પુરૂ થયું હતું.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**